# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૨૦૯૩૨, ૨૩૭૦૦૦ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર ક્રમાંક : ૧૭ /૨૦૧૯**

**વિષય : સંલગ્ન કોલેજોના શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ થી ચાલુ / વધારાના / કાયમી જોડાણની દરખાસ્તો અંગે.**

યુનિવર્સિટી અધિનિયમની કલમ–૩૫ અન્વયે જૂન–૨૦૨૦ થી જોડાણના સાતત્યમાં ચાલુ / વધારાના / કાયમી જોડાણ માટેની અરજી કરવા ઈચ્છતી સંલગ્ન કોલેજો પાસેથી તારીખ :૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં અચૂક મળી જાય તે રીતે નિયત નમૂનાના અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. નિયમોની માહિતી તેમજ જોડાણ અંગેનું અરજીપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ઉપરથી મેળવી શકાશે. ચાલુ/વધારાના/કાયમી જોડાણની ફી ONLINE / OFFLINE દ્વારા ભરીને ફી ભર્યાની રસીદ સાથે જોડાણ અરજી કુલસચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને નિયત સમયમાં મોકલવાની રહેશે. ચાલુ / વધારાના / કાયમી જોડાણ માટે ઓર્ડિનન્સ–૮૭ મુજબ જોડાણ ફી / પ્રોસેસ ફી ભરવાની રહેશે.

વધુમાં તારીખ : ૩૦/૦૪/૨૦૧૯ સુધીમાં ચાલુ / વધારાના / કાયમી જોડાણ માટે ઓર્ડિનન્સ–૮૭ મુજબ લેઈટ ફી સાથે અરજી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ ના ચાલુ / વધારાના / કાયમી જોડાણ માટેની જોડાણ અરજી સ્વીકારી શકાશે નહી. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

(૧) ઓર્ડિનન્સ–૮૭ પ્રમાણે ભરેલ જોડાણ ફી ના નાણાં પરત મળવાપાત્ર નથી.

(૨) જોડાણ ફી ONLINE / OFFLINE થી યુનિવર્સિટીના ખાતામાં જમા કરાવવાની રહેશે.

**ONLINE / OFFLINE ની વિગતવાર માહિતી :–**

(૧) યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in પર મૂકેલ Affiliation 2020-21 પર ક્લીક કરવી.

(૨) ત્યારબાદ એક પેજ ખૂલશે. જેમાં જરૂરી બધા જ ફોર્મ મૂકેલ છે. તેમાંથી જરૂરિયાત મુજબના ફોર્મ ડાઉનલોડ કરવા.

(૩) ઓનલાઈનની વિગતો સાથે દરખાસ્ત કરેલ હોય ત્યાં ઓનલાઈન ટ્રાન્જેકશનની રસીદ સાથે જોડાણની દરખાસ્ત યુનિવર્સિટીમા રજૂ કરવી.

(૪) ઓફલાઈનની વિગતો સાથે દરખાસ્ત કરેલ હોય ત્યાં ઓફલાઈન ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે જોડાણની દરખાસ્ત યુનિવર્સિટીમાં રજૂ કરવી.

કા.કુલસચિવ

નં.– એકે/જોડાણ/ ૯૨૩૪ /૨૦૧૯

તારીખ : ૨૪ /૦૧/૨૦૧૯

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના જાણ સારૂ :**

૧. યુનિવર્સિટીના પ્રત્યેક અનુ.વિભાગોના વડાશ્રીઓ, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

૨. યુનિવર્સિટીની પ્રત્યેક વહીવટી શાખાના વડાશ્રીઓ, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

૩. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

૪. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

૫. કુલપતિશ્રી / કુલસચિવશ્રીનુ કાર્યાલય, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)

૭. સંબંધિત ફાઈલે